# Day to Day Current Affairs

30 March-2015

૧) ક્રિકેટ વર્લ્ડકપ – ૨૦૧૫ : વિજેતા : ઓસ્ટ્રેલિયા, રનર્સ અપ : ન્યુઝિલેન્ડ ઓસ્ટ્રેલિયા પાંચમી વખત વર્લ્ડકપ વિજેતા બન્યું. ફાઇનલ મેચ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર યોજાઇ. ફાઇનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના જેમ્સ ફોકનરને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર મિચેલ સ્ટાર્કને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરી. વર્લ્ડકપના બ્રાન્ડ એમ્બેસેડર સચિન તેંડુલકરના હસ્તે ટ્રોફી એનાયત કરાઇ હતી. ઓસ્ટ્રેલિયા કેપ્ટન : માઇકલ કલાર્ક, ઓસ્ટ્રેલિયન કેપ્ટન કલાર્ક વિજય સાથે વન ડે માં નિવૃતિ જાહેર કરી પોતાની છેલ્લી વન ડે માં કલાર્ક 74 રન બનાવ્યા હતા. ન્યુઝિલેન્ડ કેપ્ટન: બ્રેન્ડન મેકુલમ. ફાઇનલ મેચ બાદ ન્યુઝિલેન્ડના ડેનિયલ વિટ્ટોરીએ પણ નિવૃતિ જાહેર કરી ઓસ્ટ્રેલિયન પ્લેયર સ્ટિવ સ્મિથે ફાઇનલમાં અડધીસદી નોંધાવી વર્લ્ડકપમાં સતત પાંચ અડધી સદી નોંધાવનાર પ્રથમ ક્રિકેટર બનાવાની સિધ્ધિ હાંસલ કરી હતી ઓસ્ટ્રેલિયાએ ભારત બાદ ઘર આંગણે વર્લ્ડકપ જીતનારા બીજા દેશ તરીકેની સિધ્ધિ મેળવી. હવે આગામી વર્લ્ડકપ 2019 માં ઇંગ્લેન્ડમાં રમાશે જેમાં ICC દ્વારા 10 ટીમો ભાગ લેશે. જેમાં ટોચની આઠ ટીમો વર્લ્ડકપમાં સીધી કવોલિફાઇ થશે જ્યારે બાકીની બે ટીમ માટે છ એસોસિયેટ દેશો માટે કવોલિફાઇ કરવાની તક હશે.

૨) ઇન્ડિયન ઓપન : બેડમિન્ટન - વિમેન્સ વિજેતા : સાયના નેહવાલ (ભારત) હરીફ : રત્નાચોક ઇંતાનો (થાઇલેન્ડ) મેન્ચ વિજેતા : કિદામ્બી શ્રીકાંત (ભારત) હરીફ : એક્ષેલ્સેન વિકટર ( ડેનમાર્ક )

3) ફેમિના મિસ ઇન્ડિયા-2015 : વિજેતા : અદિતિ આર્યા. અદિતિને વર્તમાન મિસ ઇન્ડિયા કોયલ રાણાએ ફેમિના મિસ ઇન્ડિયાનો તાજ પહેરાવ્યો હતો. મુંબઇના યશરાજ સ્ટુડીયોમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

www.vivekanandacademy.org